# રાજકોટ ચેમ્બર ઓફ કૉમેર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ શહેરમાં લાગુ કરાયેલ રાત્રી કર્ફ્યુ ને હટાવવા બાબતે માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

તહેવારોની સીઝનની પુર્ણતાની સાથે જ કોરોનાનું જોર થોડું વધ્યું હોવાને કારણે રાજય સરકાર દ્ધારા રાજયના ૪ મહાનગરોમાં રાત્રે ૯:૦૦ થી સવારના ૬:૦૦ વાગ્યા સુધી રાત્રી કર્ફ્યુની અમલવારી કરેલ છે. પરંતુ બીજા શહેરોની સરખામણીમાં રાજકોટ શહેરમાં કોરોનાની પરિસ્થિતિ હાલ ઘણી કાબુમાં આવી ગયેલ છે અને લોકો સરકારશ્રીની તમામ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન પણ કરી રહયા છે.

અગાઉ સતત ૨ મહિનાની આસપાસ લાગુ કરાયેલ લોકડાઉનને કારણે તમામ વેપાર-ઉદ્યોગકારોને પારાવાર નુકશાન થયું હોય અને આર્થીક મંદીમાં સંપડાયેલ છે તેઓ માંડ-માંડ તેમાથી ઉજાગર થવા પ્રયાસ કરી રહયા છે. રાત્રિ કર્ફ્યુની અમલવારીથી તેઓને દુકાનો-ઓફિસો વગેરે વહેલાર બંધ કરીને સમયસર ઘરે પહોચવું પડે છે. જેને કારણે તેઓના વેપાર-ધંધામાં ખુબ જ મોટું આર્થીક નુકશાન થઈ રહયું છે. ઘણી બધી ઈન્ડસ્ટ્રીઝ એકમો ત્રણ શિફ્ટમાં કામ કરતી હોય તેમના વર્કરોને રાત્રે ઘરે પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે. આથી દુકાનદારો-વેપારીઓ મોડે સુધી પોતાનો વેપાર કરી શકે સાથોસાથ વેપાર-ધંધાઓ આર્થીક મંદીમાંથી બહાર નિકળે અને પોતાના ધંધામાં વૃદ્ધિ કરી શકે. તે માટે શહેરમાથીં રાત્રી કર્ફ્યું હટાવવા અંગે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્ધારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષા રજુઆત કરવામાં આવેલ છે.

પરંતુ જો કાયદાકીય દ્રષ્ટીએ આપણે રાત્રી કર્ફ્યું હટાવી ન શકીએ તો આમ પ્રજાની માંગણીને ધ્યાનમાં રાખી સમયમાં ફેરફાર કરી રાત્રી કર્ફ્યુંનો સમય રાત્રે ૧૧:૦૦ થી સવારના ૬:૦૦ સુધી ફરજીયાત કરવું જરૂરી છે. જેથી લોકોને થતી કનડગત અટકાવી શકાય.